





ખર્ચે કરોડો પ્રચારમાં મિડિયાને ખટાવે છે,
ખોટાં ને બોદાં વચનોથી એ પ્રજાને પટાવે છે
રટાવે નામ 'રામ'નું ક્યારેક ચટાવે વિકાસ-
રહે સાહેબીથી સ્વર્ગમાંને ગરીબી વટાવે છે
(મારી મા વાસણ ઘસતી'તી)




ગાદી-વારસ,
દે છે પ્રજાને છેહ,
પુત્ર-લાલસા..
(કેશુભાઈ નું રાજીનામું)

દિલ્હી પથ નું
- સફાઈ અભિયાન,
છે પક્ષ-પલ્ટા..
(કાંટા-અવરોધો-દૂર)

## ચિંતન

*જલે તૈલં ખલે ગુહ્યં પાત્રે દાનં મનાગપિ । પ્રાજ્ઞે શાસ્ત્ર સ્વયં યાતિ વિસ્તારં વસ્તુ શકિતઃ ॥*

'જલ-પાણીમાં (પછી એ રસ્તા પરનું ખાબાચિયું હોય કે નદી-સરોવર-સમુદ્ર હોય) ખલ-લુચ્ચો-કપટી માણસના કાને કોઈ ગુપ્ત વાત કે રહસ્ય ચઢી ગયું હોય, યોગ્ય-પાત્ર વ્યકિતને થોડું પણ દાન મળી ગયું હોય અને બુદ્ધિશાળી વ્યકિતને શાસ્ત્ર જ્ઞાન થઈ ગયું હોય-આવાં જે-તે વસ્તુમાં થોડી પણ આ બાબતો પડી-મળી ગઈ હોય તો સ્વયં-આપોઆપ જ વિસ્તાર પામે છે.'

આપણે અનુભવીએ છીએ રસ્તાના ખાબાચિયાં માં તેલનું એક ટીપું પણ પડયું હોય તો તે આખાં ખાબોચિયામાં વિસ્તાર પામી પાણીને 'સપ્તરંગી' સૌંદર્ય સમર્પે છે.

લુચ્ચા-કપટી માણસ પાસે કોઈ ખાનગી રહસ્ય આવી ગયું હોય તો એ એમાં મીઠું-મરચું ભભરાવી નાની વાતને મોટી કરી તેની ગંભીરતા અને પોતાનું મહત્વ વધારશે. યોગ્ય-પાત્ર વ્યકિતને થોડીક પણ આર્થિક સહાય-મદદ-દાન મળી જાય તો એ પોતાની શકિતઓને વિશેષ રૂપે પ્રકટાવી શકે-વિસ્તારી શકે છે. ...અને બુદ્ધિશાળી-વિદ્વાન-પંડિતને 'જ્ઞાન' પ્રાપ્ત થયા પછી તેનો વિસ્તાર જ થાય છે જ્ઞાનનો કેમ ફેલાવો થાય-વધારે વિદ્યાર્થીઓને એ જ્ઞાન પ્રાપ્ત થાય એમ જ એ જ્ઞાની વિચારે છે. આમ લાયક વ્યકિતને પ્રાપ્ત કોઈ પણ બાબત આપો આપ વિસ્તાર પામે છે.

## સુવિચાર

- જે છાપુ ખરીદવામાં વાચકોને રસ નથી, એવા જ છાપાના તંત્રીને સહેલાઈથી ખરીદી શકાય છે — *લોર્ડ લિવરપુલ*
- જે સતત સલાહ આપ્યા કરતો હોય તેને સલાહ આપવાની તાતી જરૂર હોય છે — *એસ. ભટ્ટાચાર્ય*
- રામ અને રાવણના સંયોગથી જ સંસાર રામાયણ ચાલ્યા કરે છે, રામનો આગ્રહ નકામો, રાવણ માટેનો ધિક્કાર ખોટો — *માનસસૂત્ર*
- એકવાર પ્રતિબિંબો એકમેકને મળ્યાં અને અરસપરસ પૂછવા લાગ્યા કે અરિસો કયાં છે? આપણે જેમ પૂછીયે છીએ કે ઈશ્વર કયાં છે? - એમ — *સુરેશ દલાલ*
- બુધ્ધ અને મહાવીર આપણે બનવું છે, પણ તેમની જેમ રાજપાટ, સંસાર, માયા જરાય છોડવું નથી — *જૈન સૂત્ર*
- જે અનુભવે છે તેના માટે જીંદગી ટ્રેજેડી છે, જે વિચારે છે તેના માટે જીંદગી કોમેડી છે!! — *મોરારિબાપુ*
- હિન્દુ ધર્મમાં માંસ ભક્ષણ અને મદિરા પાન બંધ થઈ ગયા એ પણ જૈન ધર્મનો પ્રતાપ છે — *લોક માન્ય તિલક*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આજકાલ દાંપત્યજીવનમાં થોડીક પણ ગેરસમજ કે મતભેદ થાય તો મનભેદ થતાં વાર નથી લાગતી અને નાની વાત છેક છૂટાછેડા સુધી પહોંચે છે એમાં પણ જો વર્ગભેદ શૈક્ષણિક સ્તર કે આર્થિક-સામાજિક પરિસ્થિતિમાં જો તફાવત હોય તો તો લગ્નવિચ્છેદ નક્કી જ હોય છે.

દાદાભાઈ નવરોજીએ 'સ્વરાજ' શબ્દનો પ્રથમ ઉપયોગ કરી ચલણી બનાવ્યો-કોંગ્રેસના પિતામહ કહેવાય છે-એમની દેશદાઝ અદભૂત હતી-બ્રિટનમાં રહીને પણ તેઓ ભારતની સ્વતંત્રતા માટે અંતિમ શ્વાસ સુધી લડયા હતા.

દાદાભાઈનું લગ્ન તે જમાના અનુસાર નાની વયમાં જ થઈ ગયું હતું. તેમની પત્નીનું નામ ગુલશનબાઈ હતું તે લગભગ નિરક્ષર-અભણ જેવાં જ હતાં. લગ્ન પછી દાદાભાઈ ખૂબ ભણ્યા-ઉચ્ચ શિક્ષણ લઈ બ્રિટન ગયાં. લંડનવાસીઓમાં પણ તેમની સેવા અને સાદગી તથા સચ્ચાઈ દ્વારા સન્માનીય હતા.

આવો વિદ્વાન-મહાન પુત્ર ઘરે આવ્યો ત્યારે માતા પિતા અને કુટુંબીજનોને પણ દાદાભાઈ, ગુલશન સાથે સંસાર માંડે તે યોગ્ય લાગતું ન હતું. બધાએ સાથે મળી દાદાભાઈ પાસે વાત મુકી-'ગુલશન સાથેના લગ્ન ફોક કરી અન્ય શિક્ષિત સાથે લગ્ન કરીએ.'

દાદાભાઈએ-આ વાતનો છેદ ઉડાડતાં સામે પ્રશ્ન કર્યો-'જો કોઈ અકસ્માતમાં હું અપંગ થઈ જાઉં તો શું ગુલશન મને છોડીને બીજે લગ્ન કરી લે ખરી?!'

કુટુંબી મોન થઈ ગયા અને દાદાભાઈએ સુખરૂપ દાંપત્યજીવન પસાર કર્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# જેટલી જરૂરીયાત વિશ્વશાંતિની છે એટલી જ ગૃહશાંતિની છે, બલકે ગૃહશાંતિ જ વિશ્વશાંતિ માટેની પૂર્વશરત છે, કારણ કે ઘરનો બળ્યો હંમેશા ગામ બાળે છે

## હું રસ્તે રઝળતી વારતા

**- અયના પટેલ**

તમારા માટે અડધી દુનિયા તમારા પતિ અને એમને લગતી બાબતો છે. તમારા પતિ માટે અડધી દુનિયા તમે અને તમારે લગતી બાબતો છે. જયારે આ બંને અડધી દુનિયા પરસ્પર સહકાર-સહયોગથી ચાલે છે. ત્યારે તો આખી દુનિયા, આખી સૃષ્ટિ આખો સંસાર ખૂબસૂરત બની રહે છે. પરંતુ જો એ બંને અડદાઅંગો પરસ્પર બાખડે, આથડે, યુદ્ધે ચડે તો? તો વિશ્વ યુદ્ધ થાય છે? જી, હા, જર્મનીના મિથ્યાભિમાનીઓએ જગત પર બબ્બે વાર લાદેલા વિશ્વયુદ્ધ કરતાં ઘરસંસારના બે અડધા અંગોનું યુદ્ધ કમ નુકશાનકારક નથી.

એટલે જ, જેટલી જરૂરીયાત વિશ્વશાંતિની છે એટલી જ ગૃહશાંતિની છે. બલકે ગૃહશાંતિ જ વિશ્વશાંતિ માટેની પૂર્વશરત છે, કારણ કે ઘરનો બળ્યો હંમેશા ગામ બાળે છે.

એટલે આજે મારે તમને ગૃહશાંતિ જાળવવાની સચોટ દવા બતાવવી છે. સંસારની બે અડધી દુનિયાને જોડનાર સિમેન્ટ, દંપતીને અતૂટપણે જોડનાર તથા સ્વર્ગસુખ સંપડાવનાર જાદુ માટે તમને શીખવવો છે.

આપણા સૌનો અનુભવ છે કે લગ્ન પછી તરતનો સમય સપનાનો સમય હોય છે. પત્નીને પતિ વિશ્વમાં સૌથી વધુ સોહામણો, પ્રેમાળ, ઉદાર પુરૂષ લાગે છે. પતિને પોતાની પત્ની સૌથી વધુ સુંદર, નમણી અને સમર્પિત જણાય છે. પણ લગ્ન પછી એકાદ વર્ષમાં કેટલીક ઘટનાઓ બનવા લાગે છે. પતિ કમાવાની ધાંધલમાં અટવાય, વહેલો જાય, મોડો આવે, જલદી ઊંઘી જાય! પત્ની ઘરકામમાં વ્યસ્ત બને, રાત સુધી તો લોથ બની જાય. પથારીમાં પડતાં ભેળી નસકોરાં બોલાવવા લાગે! અને... દંપતી જો 'નશીબદાર' હોય તો ઘરે ઘોડિયું બંધાય! ઘણી ખમ્મા, રન્નાદે!

બસ, હું જે દંપતીની વાત કરવા માંગુ છું એમના જીવનમાં આ જ બધા સંજોગો ઊભા થયા હતા. પરિણામે, પ્રથમ તો બંનેએ એકબીજા તરફથી ઉપેક્ષા શરૂ થયાની ફરિયાદ કરવા માંડી. 'તમે મારી કશી પડી જ નથી! મારી સામેય જોતી નથી!' અને 'તમે તો પરણેલા છો એય ભૂલી ગયાં છો!' બસ, બજાર, બજાર ને બજાર! ઘરે ઘરવાળી છે એય યાદ આવે છે તમને?

અને એકવાર આવી આક્ષેપબાજી શરૂ થઇ ગઇ એટલે ખલાસ! આક્ષેપોનું પણ અફીમ જેવું છે. અફીણનું બંધાણ જેમ સતત વધતું રહે તેમ આક્ષેપો પણ વધતા રહે છે. તમને જાણીને નવાઇ લાગશે કે પતિ-પત્ની સામસામે આક્ષેપો કરે છે ત્યારે અસ્સલ અફીણ કે દારૂ કે ગાંજાના નશા જેવી જ સ્થિતિ ઊભી થાય છે. જયાં સુધી આક્ષેપો કરવામાં આવે છે ત્યાં સુધી તો બેહોશીભર્યાં આનંદનો અનુભવ થાય છે. 'લે નાલાયક! સંભળાવી દીધું ને! તું એને જ લાયક છે. વાહ, મારા આક્ષેપો સાંભળીને તું તરફડે છે, એ જોઇને મને સ્વાર્તય આનંદ આપે છે.'

પરંતુ નશો જેમ ધીમે ધીમે ઊતરતો જાય છે તેમ આક્ષેપબાજીનો આનંદ પણ ક્રમશઃ ઓસરતો જાય છે. જેમ નશો ઉતર્યા પછી ખર્ચ બદલ, શરીરની બરબાદી બદલ, પ્રિયજનને પીડા પહોંચાડવા બદલ ભારે દુઃખ અને વેદના થાય છે એમ આક્ષેપબાજીનો અંત આવ્યા પછી પણ પસ્તાવો શરૂ થાય છે, અરે રે, જેણે પોતાનું સમસ્ત જીવન મને સમર્પી દીધું છે એને મેં હીન વેણ કહ્યાં? અરે રે, જે મારા જ સુખ ખાતર મોડે મોડે સુધી મહેનત કરતા બજારમાં ભટકે છે એમને મેં ઉતારી પાડ્યા? અરે રે, જે પરોઢથી મધરાત સુધી ઘરકામનો ઘસરડબોળો કરે છે અને જાતને સાવ ટૂંપી ટૂંપી નાખે છે એવી પારકા ઘરેથી આવેલી કોઇકની દીકરીને મેં કડવા વેંણ કીધાં? અને છતાં... જી, હા... પરસ્પર આક્ષેપો કરવાનો, ગાળો દેવાનો, લડાઇ અને ઘણીવાર તો મારામારી કરવાનો આ નશો એકવાર વળગી પડે પછી ઉતરવો આસાન નથી. ઘણી વાર તો એને પરિણામે, જુદાઇ કે જોખમી ઇજાઓ કે છૂટાછેડા પણ જન્મે છે.

હું જે દંપતીની વાત કરું છું એ પણ આક્ષેપો, પ્રતિ આક્ષેપો અને પશ્ચાતાપના આવા વિષચક્રમાં ફસાઇ ગયાં હતા. હવે અંતિમ નિર્ણય - છૂટાછેડાનો નિર્ણય લેવાની ઘડી દૂર નહોતી. ત્યારે જ એ યુગલમાંથી પત્ની મને મળી. મેં એની ઉતરી ગયેલી તબિયત વિસે પૂછપરછ કરી. જરાક પંપાળવાથી સાધારણ ફરિયાદથી શરૂઆત કરી. જો કે આખરે પોતાના કથળેલા દાંપત્યની પૂરી કહાણી કરી દીધી. અંતમાં રડી પડતાં બોલી, 'બહેન, હજુ તો પરણ્યાં ને માંડ ત્રણ વર્ષ થયાં છે. ત્યાં તો એવી ત્રાસી ગઇ છું કે આપઘાત કરવાનું મન થાય છે. બસ, આ બાબુડાના મોં સામે જોઉં છું અને આપઘાતનો વિચાર માંડી વાળું છું.'

મેં કહ્યું, 'સાંભળ. દાંપત્યજીવનમાં આવા નાના મોટા રોગ ઘણીવાર થઇ આવે છે, પરંતુ એમનોય ઉપચાર થઇ શકે છે. તું પત્ની છે. તારા દાંપત્યને તંદુરસ્ત બનાવવાની સોનેરી ચાવી તો તારી પાસે જ છે. એક સાવ સહેલો ઉપાય તારા લગ્નજીવનને ફરીથી નંદનવન જેવું બનાવી શકશે.'

એ આતુરતાથી બોલી, 'શો ઉપાય છે?'

મેં કહ્યું, તારા પતિની ખામીઓ તરફ આંખ મીંચામણા કર અને એની ઉજળી બાજુઓની પ્રશંસા કર.

આ સાંભળતાં એ ઝંખવાઇ ગઇ. બહેન! જે માણસ મારી સાથે બે સારા શબ્દનો વહેવાર નથી કરતો એની પ્રશંસા કેમ કરીને થાય? મેં કહ્યું, કોશિશ કર.'

એ માથું ધુણાવતી ઘરે ઘઇ. મેં સૂચવેલો ઉપચાર કારગત નીવડશે એની એને ખાતરી નહોતી. પરંતુ જયારે સંસાર આખો ડૂબવા બેઠો હતો ત્યારે આટલી જરાક અજમાયશ કરી લેવાનો એણે ઠરાવ કર્યો.

કસોટી એ સાંજથી જ શરૂ થઇ. એ ઘરે પહોંચી ત્યારે પતિ આવી ગયો, એણે લાગણી જ એને ઉઘડી લીધી, 'આટલે મોડે સુધી કયાં હતી? મને પૂછ્યા વગર કેમ ગઇ હતી?'

પત્નીની ઝીભના ટેરવા સુધી જૂનો જવાબ આવી ગયો. તમે ગમે ત્યાં સુધી રખડ્યા કરો અને હું વૈદ્ય પાસે ય ન જઇ શકું, એમ?'

પરંતુ એવો 'સામો' ઉત્તર વાળવાને બદલે એ બોલી, વાહ આજે તો મારા આવનજાવનમાં તમે રસ લીધો. હું વૈદ્યને ત્યાં ગઇ હતી.'

પત્નીનો ક્રોધરહિત સ્વર સાંભળીને પતિને જરાક ખણજ તો ઉપડી. માણસે ક્રોધભર્યા ઉત્તરની અપેક્ષા રાખી હોય અને નિર્મળ ઉત્તર મળે ત્યારે ક્ષણેક ઝાંઝ ચડી જાય છે. પરંતુ તમારો એ ક્રોધ પથ્થર સાથે અફળાતા સમુદ્રના મોજાની જેમ ચૂરચૂર થઇને પાછો પડે છે. પતિનું પણ એવું બન્યું. એણે વૈદ્યને, પત્નીની તબિયતને, જગતભરની ઓરજ જાતને, એની રખડ્યા કરવાની કુટેવને ખૂબ ભાંડી, પરંતુ પત્ની આજે પતિને ટાઢા જવાબ આપવાનો પ્રયોગ આદર્યો હતો. એણે જોયું કે પોતાની શાંતિ સામે પતિનો ક્રોધ બહુ જલ્દીથી ઠરી ગયો.

વળતી સવારે પતિ કામ જવા નીકળ્યો. ત્યારે બારણા સુધી એ વળાવવા ગઇ અને ધીમે ધીમે સ્વર બોલી, 'આ વ્હાઇટ પેન્ટ અને ગ્રે શર્ટમાં તમે જાઓ છો હં! જાણે સિનિયર પાઇલોટ!'

પતિ ઘડીભર તો છક્કડ ખાઇ ગયો. જાણે અણધારી દિશામાંથી આવીને પથરો વાગ્યો હોય! એણે પત્નીની સામે ઝીણી નજરે જોયું. મશ્કરી કરે છે કે શું? પરંતુ પત્નીનો ચહેરો સાફ હતો. એ મશ્કરી કરતી હોય એવું નહોતું. હવે, ભાઇ કોઇ માણસ ગંભીરતાપૂર્વક તમારી પ્રશંસા જ કરતું હોય એને તમે ગાળ તો ન જ આપી શકો ને!

એ પછીનું આખું અઠવાડિયું શાંતિમાં ગયું. પતિએ ક્રોધ કર્યો તો પત્નીએ પ્રતિવાદ ન કર્યો. પત્નીએ પ્રશંસા કરી તો પતિ ક્રોધ કરી ન શક્યો.

અઠવાડિયા પછી પત્ની મને મળી. ખુશ હતી એક અઠવાડિયાની શાંતિએ તેને સ્વાસ્થ્ય પણ ઠીક બક્ષ્યું હતું. મેં કહ્યું, 'બેન, કહેવત છે ને કે ખુશામત તો ખુદાને પણ વહાલી છે! માનવી માત્ર પ્રશંસા ઝંખે છે. માનવીને પ્રાણવાયુ પછી જો ટકાવી રાખનાર બીજું બળ હોય તો તે પ્રશંસા છે. મારા કહેવાનો આશય એ નથી કે તમારા પતિમાં જે ગુણ ન હોય એની પ્રશંસા કરવી. પરંતુ એનામાં કોઇક તો ગુણ હશે જ કે જેની પ્રશંસા થઇ શકે. બસ, અર્જુનની આંખની જેમ એ ગુણ શોધો.'

છ જ મહિનાના આ પ્રશંસા - પ્રયોગ પછી મને જાણવા મળ્યું કે આ દંપતીમાં ફરી પહેલા જેવો લાગ્યો છે. તમે પણ તમારા પ્રિય પાત્રની પ્રશંસા કરશો ને? તો આજથી જ આ પ્રયોગની શરૂઆત કરી દો. પછી જેવો એનું પરિણામે કેવું સુખદ આવે છે.

# સરળતા અને અર્થસૌષ્ઠવ થકી કાવ્યતત્વના ઊંચા ચઢાણ સર કરવાની તમન્ના સાથે સ્મરણ મોકલવાની ઈચ્છાથી રચાયેલાં કાવ્યો


## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

કાવ્યશાસ્ત્રના આચાર્ય મમ્મટે 'કાવ્યપ્રકાશ' ગ્રંથના આરંભે કાવ્યના પ્રયોજનોની ચર્ચા કરી છે. કવિ શા માટે કાવ્યો રચે છે એની વાત મુકી છે. તેમજ ષડ્‌વિધ કાવ્યો પ્રયોજવો દર્શાવ્યાં છે. તેમાં યશ માટે, પૈસા માટે, વ્યવહાર માટે, અમંગલના નિવારણ માટે અને તુરત આનંદની પ્રાપ્તિ માટે ('સદ્ય : પરનિવૃત્તયે..) તેમજ પત્નીની માફક મીઠાશથી સદ્‌પદેશ આપવા માટે કવિ કાવ્યનું આલેખન કરે છે એમ કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કાવ્યના છ પ્રકારનાં પ્રયોજનો છે. એટલે કાવ્યની સ્ફૂરણાં થતાંવેંત કવિ કાવ્ય લખે એ વાત મૌલિક સર્જન માટે બરાબર છે. પરંતુ કાવ્યોને મઠારવાનું એ ચિત્તમાં ઠારવાનું કામ તો દરેક કવિ કરતો જ હોય છે. કહો કે કરવું જ જોઇએ.'

કાવ્ય બીજાને આનંદ આપે કે ન આપે કિન્તુ સર્જાયેલું કાવ્ય તુરંત સર્જનને આનંદ આપનારું તો હોય જ છે. જે અન્ય પ્રયોજનોથી અદકેરું અને કાંઇક અંશે આધ્યાત્મ પ્રદેશમાં લઇ જનારું પ્રયોજન છે. આવા પ્રયોજન સાથે લખાયેલાં કાવ્યોનાં સુંદર રૂપરંગ અને સ્વચ્છ છપાઇ આકર્ષક મુખપૃષ્ઠ ધરાવતાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'સ્મરણ મોકલો' એ કવિ 'પ્રભુ' પહાડપુરીનો ત્રીજો કાવ્ય સંગ્રહ છે. આ કાવ્ય સંગ્રહમાં ગઝલ, ગીત અને અછાંદસ રચનાઓ મળે છે પણ તેમાં અછાંદસ રચનાઓનું પ્રાધાન્ય જોવા મળે છે. તેનું કારણ પણ એ છે કે વર્ષો સુધી અછાંદસ કાવ્ય તત્ત્વની ઉપાસના કર્યા પછી અહીં કવિ ગઝલ જેવા છંદોબદ્ધ કાવ્ય સ્વરૂપમાં હાથ અજમાવે છે. આમ તો કવિ કાવ્યને છંદોવટો આપી ચુક્યા છે છતાં તેમની ગઝલ રચનાઓ વિચાર તત્વની દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી છે.




આ કાવ્ય સંગ્રહમાંથી પસાર તથાં ૪૪ જેટલી ગઝલો ૭૨ જેટલાં અછાંદસ કાવ્યો ઉપરાંત લઘુ કાવ્યો, વૃક્ષ કાવ્યો, મુક્તક-શેર અને ગીતો તેમજ વ્યાખ્યા કાવ્યો આપણને મળે છે.

ગઝલ સ્વરૂપમાં છંદ, રદીફ અને કાફીયા સ્વરૂપ ગત પ્રાણતત્ત્વ છે પણ પણ તેના બદલે કવિને મન વિચાર અને ચિંતનનું મહત્ત્વ વધું હોય છે તેવું લાગે છે. તેમની ગઝલના કેટલાક શેર માણીએ.

'છેક શિખર સુખી કેડી હતી.'
તળેટીને પગે કિંતુ બેડી હતી.
ફૂટી ગયો પરપોટો, બીજું કંઇ નહોતું,
હવા એ પાણીને ઘડીક તેડી હતી.

●●●

ટોચ પરથી પતંગિયું પકડું,
ને મૂળ સોતું ઝાડ ગાયબ,
પીછું સીધું ખર્યું પિંજરમાં,
પંખીની આંખથી આભ ગાયબ.

ઉપરાંત આ સંગ્રહની રચનોમાં 'બેઠી હતી', 'ખૂંદવાની વાત', 'કોણ માનશે' વગેરે ઘજલોને નોંધપાત્ર ગણાવી શકાય. આ એક શેર જુઓ -

ધનુષ પર આવી લક્ષ્ય સંધાઇ ગયું,
તીરના હાથે પણછ તૂટવાની વાત છે.

તો વળી કવિ ગઝલોમાં પૌરાણિક કથાના સંદર્ભો પણ કંઇક આ રીતે વ્યક્ત કરે છે.

દમયંતિના સ્પર્શે જે જીવતાં હતા,
મત્સ્ય - એ પૂર્વે જન્મના નળ હતા

ઉપરાંત 'પ્રેમની ગલી સાંકડી' એ ગઝલની પંક્તિ આપણને વિચારતાં કરી મુકે છે, જુઓ -

'તોય દરમાં તો તે પાછા ફર્યા, કેમ કહેવાય સાપે ઉતારી કાંચળી?'

એ રીતે કવિ તિર્પક રીતે વિચારે છે અને અભિવ્યક્તિનું જુદું જ પડ, એમના કાવ્યોમાં ઘણીવાર જોવા મળે છે, બહુધા અછાંદસ રચનાઓમાં ગદ્યાળુતા કાવ્ય તત્ત્વને ઝાંખુ પાડે એવું જોવા મળે છે આમ જુઓ તો આવી રચનાઓમાં ભલે છંદના આવર્તનો ન હોય, ગીતરચના જેવી ગેયના ન હોય, છતાં અછાંદસ રચનાઓને પોતાનો એક લય અને ઉઘાડ હોય છે. જે તેને કાવ્ય તરીકે પ્રસ્થાપિત કરે છે. કવિની મોટા ભાગની રચનાોમાં તે અનુભવાય છે જેમ કે -

સામ નહિ
ધગધગતા સાતસો અફાણ રણ વીંધીને,
ઠેઠ તળિયેથી... ઉપર પાંપણે પહોંચેલ,
તારાં આંસુને
મારી યાદનો સૂર્ય સૂકવી ના શકે
તો નિરાશ ના થતી.

આ આ બધી રચનાઓમાં પ્રકૃતિ, ઇશ્વર, સમાજ અને માનવ - સંવેદનાને કવિ સુપેરે વ્યક્ત કરે છે. 'એકલવ્ય', 'નદી', 'જનરેશન ગેપ' એક પંક્તિનું કાવ્ય, 'દરિયાનું બેસણું', 'પરોઢ' અને 'તમે કવિ હશો તો પણ' જેવી રચનાઓમાંથી પસાર થતાં તે ધ્યાનાકર્ષક લાગ્યા વગર રહેતી નથી.

આ સંગ્રહમાં કવિનાં લઘુ કાવ્યો, વૃક્ષકાવ્યો, મુક્તક અને વ્યાખ્યા કાવ્યો પણ તેમની કવિતામાં એક નવી ભાત પાડે છે. જેમ કે -

'વૃક્ષ જેમ જેમ ઊંચે વધે છે.
તેમ તેમ
આકાશને નીચે ઉતરતું મેં જોયું છે.'

આ સંગ્રહમાં કવિએ આઠેક ગીત રચનાઓ પણ આપી છે. જેમાં 'ખેડૂતનું ગીત' અને 'ઓ મારી રે' જેવી રચનાઓ નોંધપાત્ર ગણી શકાય.

'સ્મરણ મોકલો' કાવ્ય સંગ્રહના કવિ પટેલ પ્રભુદાસ જેસીંગભાઇ 'પ્રભુ' પહાડપુરીના તખલ્લુસથી કાવ્યો લખે છે. તેમનો જન્મ ૭-૧૨-૧૯૪૨ના પહાડપુરી તા. મોડાસા ખાતે થયો હતો. બી.એ (ઓનર્સ) એલ.એલ.બી. સુધીનો અભ્યાસ ધરાવનાર કવિ વ્યવસાયે ખેડૂત છે. તેમનો કાવ્યસંગ્રહ 'મૃગજળના ડાઘ' ૧૯૯૮માં પ્રગટ થયો હતો. અંશનો ઘુઘવાટ, ચિંતનનાં પુષ્પો અને ઇશ્વરની લગોલગ તેમનાં જાણીતા પુસ્તકો છે.

કવિની એક વાત સ્પર્શી જાય તેવી છે. તે વાચકોને કહે છે કે આ કાવ્ય સંગ્રહમાંથી પસાર થતાં એકાદું લઘુ કાવ્ય પણ તને રીઝવીના શકે તો સુરેશ જોશીના નીચેના કથનને વાગોળતાં વાગોળતાં આપણે બંને છૂટા પડી જઇશું. ઉછીના લીધેલી ભાવનાઓનું છંદો અને અંલકારિક ભાષાના ઘોંઘાટમાં ફીટ થાય તેવું શુકપાઠી ઉચ્ચારણ પ્રાણ અને હૃદયને સ્પર્શી શકતું નથી. તે જે જમાનામાં આ પ્રકારની કૃતિઓ સાહિત્યનો મંચ પચાવી પાડે તે સમયમાં સર્જકે ઉપેક્ષા ને જ મોટામાં મોટું તેને મળેલું માન ગણવું જોઇએ.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એ વખતે એને હાઈસ્કૂલના અંગ્રેજીના શિક્ષકના શબ્દો યાદ આવ્યા, 'લવ ધાય નેબર! પહેલો સગો તે પાડોશી છે, ટેરી ગમે તેવો પણ મારો પાડોશી છે, માનવતાની દૃષ્ટિએ પણ મારી ફરજ મારે ન ભૂલવી જોઈએ!'

## પાડોશી ધર્મ

**- જય ગજ્જર**

હેરી રાત્રે બાર વાગે થાક્યો પાક્યો નાઇટ ડ્યુટી કરે ઘેર આવ્યો. એના પાડોશી ટેરીને કોઇ સાથે બાથંબાજી કરતો જોઇ એ ઘડીભર તો થંભી ગયો. એની મદદે જવું કે ના જવું એ સવાલ એને મૂંઝવી રહ્યો. એ બ્લેક હતો અને ચાર વર્ષથી પાડોશમાં રહેતો પણ કદી એણે 'હાય' કહી મીઠી વાતે નહોતી કરી. એ રહેવા આવ્યો એ અરસામાં ભયંકર વાવાઝોડાને કારણે બે ઘર વચ્ચેની એમની ફેન્સ તૂટી પડી હતી.

હેરી અને કોન્ટ્રાકટરની કંપનીમાં સુપરવાઇઝર હતો. ફેન્સનો એ લોકોનો ધંધો હતો. એણે ફેન્સ રીપેર કરવા ટેરી પાસો અર્ધો ખર્ચ માગ્યો. ટેરીએ ભાગ આપવાનો ઇન્કાર ક્યો અને ગુસ્સો ઠારવી એલફેલ બોલી જણાવી દીધું, "મેં ફેન્સ કરાવી ત્યારે મને અર્ધો ખર્ચ તારા જૂના મકાન માલિકે નહોતો આપ્યો એટલે તારે ફેન્સ રીપેર કરાવવી હોય તો કરાવી લે."

હેરીએ કોઇ દલીલ ન કરી અને પોતાના ખર્ચે ફેન્સ રીપેર કરાવી દીધી. એ પછી બે ચાર વખત નાની બાબતે એ ઝઘડા કરતો રહેતો. પરિણામે બે પાડોશીઓ સાથે બોલચાલનો વ્યવહાર પણ ન રહ્યો.

આવા પાડોશીની મદદે જવું કે ના જવું એની દ્વિધામાં આંખ આડા કાન કરી એના ઘરમાં જવા લાગ્યો. એ વખતે એને હાઇસ્કૂલના અંગ્રેજીના શિક્ષકના શબ્દો યાદ આવ્યા, 'લવ ધાય નેબર! પહેલો સગો તે પાડોશી છે. ટેરી ગમે તેવો પણ મારો પાડોશી છે. માનવતાની દૃષ્ટિએ પણ મારી ફરજ મારે ન ભૂલવી જોઇએ!'

એ સાથે 'ઓહ ગોડ' શબ્દો એના કાને પડતાં દયાથી પ્રેરાઇ એ ટેરી પાસે દોડી ગયો. ટેરીની પત્ની પણ ત્યાં દોડી આવી હતી. ટેરીના પેટમાં છરો ભોંકી બેભાન કરી કોઇ ગુંડો ભાગી ગયો હતો. એને બેભાન પડેલ જોઇ માનવતાથી પ્રેરાઇ એના સેલફોન પર ૯૧૧ પર ફોન કરી એબ્યુલન્સ બોલાવી. એની વિહ્વળ પત્ની સાથે એ હોસ્પિટલમાં ગયો.

એમર્જન્સીમાં ડોકટર તાકીદે તપાસી કહ્યું, "દર્દીની હાલત બહુ ગંભીર છે. તાત્કાલિક ઓપરેશન કરવું પડશે. કોઇ સગું સાથે છે?"

"એની પત્ની રોઝા કેસ કઢાવવા ગઇ છે."

રોઝા આવી પહોંચતા સંમતિપત્ર ફોર્મમાં સહી કરાવી એને ઓપરેશન થિયેટરમાં લઇ ગયા.

ત્રણ કલાકે ઓપરેશન સફળ થતાં એને સ્પેશિયલ રૂમમાં ખસેડ્યો. ત્યાં બંને દોડી ગયાં. ટેરી ભાવનમાં આવતાં રોઝા બોલી, "આ હેરીઓ આભાર માન! એના પ્રપાતે તારો જાન બચી ગયો છે!"

ટેરી હેરીને જોતાં જ હચમચી ઉઠ્યો. ઘડીભર તો એની આંખોમાં ગુસ્સો તરવરી રહ્યો. પણ પત્નીના શબ્દો સાંભળી હૈયું પીગળી જતાં આંખોમાં પસ્તાવાનાં આંસુ ઊભરાઇ આવ્યા.

હેરીના બે હાથ પકડી ગળગળા થઇ એ બોલ્યો, "થેન્કસ, હેરી. આજ મને સત્ય સમજાયું કે પાડોશી જ સાચાં સગાં છે! લવ ધાય નેબર."

એટલું બોલી હેરીનો આભાર માની એનાં નયનોમાં નયનો મિલાવતાં એની આંખોમાં પસ્તાવાનાં આંસું ઊભરાઇ આવ્યાં.